# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામમાં ઉત્તર-પૂર્વ ભારતની પહેલી કટોકટી ઉતરાણ સુવિધાનું ઉદ્ઘાટન કર્યું
2. પ્રધાનમંત્રી 5 હજાર 450 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે.
3. ઝારખંડમાં **N.I.A.**ની વિશેષ અદાલતે પ્રતિબંધિત ઉગ્રવાદી સંગઠન પિપલ્સ લિબરેશન ફ્રન્ટ ઑફ ઇન્ડિયા વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરી.
4. બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં **BNP-**એ અત્યાર સુધીમાં 297માંથી 209 બેઠક મેળવી.
5. **ICC** ટી-20 ક્રિકેટ વિશ્વકપની શ્રીલંકામાં રમાયેલી મેચમાં આયર્લેન્ડે ઓમાનને જીતવા 236 રનનો લક્ષ્યાંક આપ્યો.

,,.....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV PM CHABUA AIR BASE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આસામના ડિબ્રુગઢ જિલ્લામાં રાષ્ટ્રીય રાજમાર્ગના મોરાન બાયપાસ પર બનાવાયેલી કટોકટી ઉતરાણ સુવિધા – ELFનું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીએ લડાકૂ વિમાન , પરિવહન વિમાન અને હેલિકૉપ્ટર્સનું હવાઈ પ્રદર્શન પણ નીહાળ્યું. તેમાં ભારતીય વાયુસેનાના સુખોઈ SU-30 MKI, રાફેલ, AN-31, તેમજ અદ્યતન હેલિકૉપ્ટરે ભાગ લીધો.

આ ઉતરાણ સુવિધા ઉત્તર-પૂર્વ ભારતની પહેલી એવી સુવિધા છે, જે ભારતીય વાયુસેનાના સમન્વયથી કટોકટીની સ્થિતિમાં સૈન્ય અને નાગરિક વિમાનને ઉતરવા અને ઉડાન ભરવામાં મદદ માટે તૈયાર કરવામાં આવી છે.

સાથે જ પ્રધાનમંત્રીએ ગુવાહાટી માટે પ્રસ્થાન કર્યું છે , જ્યાં તેઓ પાંચ હજાર 450 કરોડ રૂપિયાથી વધુની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી ત્રણ હજાર કરોડ રૂપિયાના ખર્ચે બ્રહ્મપુત્ર નદી પર ગુવાહાટી અને ઉત્તર ગુવાહાટીને જોડતા ભાસ્કર વર્મા સેતુનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ શ્રી મોદી લાચિત ઘાટ પર કામરૂપ જિલ્લાના અમીનગામની IIM ગુવાહાટીના કામચલાઉ પરિસર અને ઉત્તર-પૂર્વ ક્ષેત્રના રાષ્ટ્રીય આંકડા કેન્દ્રનું વર્ચ્યૂઅલ ઉદ્ઘાટન કરશે.

ઉપરાંત શ્રી મોદી ભારતના ચાર શહેર ગુવાહાટી , નાગપુર, ભાવનગર અને ચંદીગઢ માટે પીએમ ઇ-બસ સેવા યોજના હેઠળ 225 ઇલેક્ટ્રિક બસનું પણ પ્રસ્થાન કરાવશે.

. . . . . . . . . . . . . . . . .

# JHARKHAND PLFI COURT

ઝારખંડમાં રાષ્ટ્રીય તપાસ સંસ્થા N.I.A.ની વિશેષ અદાલતે પ્રતિબંધિત ઉગ્રવાદી સંગઠન પિપલ્સ લિબરેશન ફ્રન્ટ ઑફ ઇન્ડિયા વિરુદ્ધ મોટી કાયદાકીય કાર્યવાહી કરી છે. અદાલતે આ સંગઠનના છ સક્રિય સભ્યને આતંકવાદ , ગેરકાયદે હથિયાર રાખવા અને ખંડણી સંબંધિત મામલે 10 વર્ષની સખત કેદની સજા સંભળાવી છે.

અદાલતે ગુલાબકુમાર યાદવ, રવિ યાદવ, રાકેશકુમાર પાસવાન, પવનકુમાર યાદવ, સંતોષ યાદવ અને સુરેશ યાદવને કાયદાની વિવિધ કલમ હેઠળ દોષી જાહેર કરાયા છે. આ કેસ ડિસેમ્બર 2018માં લાતેહાર જિલ્લાના બાલૂમાથ વિસ્તારમાં થયેલા દરોડા મામલાનો છે, જ્યાં હથિયાર અને દારૂગોળો કબજે કરાયો હતો. ત્યારબાદ N.I.A-એ જૂન 2019માં તપાસ પોતાની પાસે લીધી અને ફેબ્રુઆરી 2020માં આરોપપત્ર દાખલ કર્યું.

. . . . . . . . . . . . . . . . . .

# VP PM PULWAMA

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના મહાનુભાવોએ વર્ષ 2019ના પુલવામા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા સંદેશમાં ઉપરાષ્ટ્રપતિએ કહ્યું , સુરક્ષાકર્મીઓનું સર્વોચ્ચ બલિદાન હંમેશા યાદ રહેશે અને દરેક નાગરિકને સશક્ત તથા સલામત ભારતના નિર્માણ માટે સતત પ્રેરિત કરશે.

અન્ય એક સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું , શહીદ જવાનોની રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા, સંકલ્પ અને સેવા દેશવાસીઓની સામૂહિક ચેતનામાં હંમેશા જીવિત રહેશે. તેમણે કહ્યું, દરેક ભારતીય તેમના સાહસથી પ્રેરણા અને શક્તિ પ્રાપ્ત કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના સંદેશમાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું, આતંકવાદનો સામનો કરનારા સુરક્ષા દળ અને સુરક્ષા સંસ્થાઓના સાહસ, સમર્પણ અને બલિદાન માટે દેશ હંમેશા તેમનો ઋણી રહેશે.

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે પુલવામા આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા જવાનોને શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે કહ્યું , તેમનું બલિદાન સરહદ પારના આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિને વધુ મજબૂત બનાવે છે.

. . . . . . . . . . . . . . . . . .

# VP SHAH SUSHMA SWARAJ TRIBUTE

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને પૂર્વ વિદેશ મંત્રી સુષમા સ્વરાજની જયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે સુષમા સ્વરાજને અસાધારણ નેતા અને દયાળુ જનસેવક ગણાવ્યા.

શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે રાષ્ટ્ર પ્રત્યેનું તેમનું સમર્પણ , ઉત્કૃષ્ટ સંસદીય વારસો અને માનવતાવાદી રાજદ્વારી લાખો લોકોને પ્રેરણા આપતી રહેશે. તેમને હંમેશા આદર અને કૃતજ્ઞતા સાથે યાદ કરાશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાના સંદેશમાં લખ્યું , સુષમા સ્વરાજે લોકકલ્યાણને પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું અને રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ પર નિર્ભય મંતવ્ય વ્યક્ત કરવાં ઓળખ બનાવી હતી. તેમણે કહ્યું, રાષ્ટ્ર, સંસ્કૃતિ, ભાષા, વિદેશ નીતિ અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રમાં સુષમા સ્વરાજનું યોગદાન આગામી અનેક દાયકાઓ સુધી દેશવાસીઓને પ્રેરણા કરતું રહેશે.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# BANGLADESH BNP MAJORITY

બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પક્ષ – **BNP**-એ બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં બે તૃતીયાંશ બહુમતી મેળવી. પક્ષે અત્યાર સુધી જાહેર 297 બેઠકના પરિણામમાં 209 બેઠક જીતી છે. 300 સભ્ય ધરાવતી સંસદમાં સરકાર બનાવવા 151 બેઠકની જરૂર હોય છે. આ જીત બાદ **BNP**ના અધ્યક્ષ તારિક રહેમાને તેમના સમર્થકોનો આભાર માન્યો અને પક્ષના નેતાઓ સાથે સત્તા હસ્તાંતરણ અંગે ચર્ચા કરી.

સાંભળીએ એક અહેવાલ.

## (V/C- NAVANSANG PARMAR)

. . . . . . . . . . . . . . . . . .

# PM-TARIQ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પક્ષના અધ્યક્ષ તારિક રહેમાનને ચૂંટણીમાં જીત બદલ તેમને અભિનંદન આપ્યા હતા.

સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી મોદીએ બાંગ્લાદેશના લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવાના તેમના પ્રયાસમાં શ્રી રહેમાનને શુભેચ્છાઓ આપી. શ્રી મોદીએ કહ્યું કે બે નજીકના પડોશી તરીકે , તેમણે બંને દેશના લોકોની શાંતિ , પ્રગતિ અને સમૃદ્ધિ માટે ભારતની સતત પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો.

. . . . . . . . . . . . . . . . . .

# MAHARASHTRA TAXI

મહારાષ્ટ્ર પરિવહન કમિશનર કચેરી દ્વારા  લોકોને નકલી **R.T.O.** વેબસાઈટ, મોબાઈલ ઍપ્લિકેશન અને નકલી ઇ-ચલાણ ભરવાની લિન્ક સહિત વધતી સાયબર છેતરપિંડીથી બચવા ચેતવણી અપાઈ છે.

અધિકારીઓએ કહ્યું, વાહનોના માલિક અને ડ્રાઇવિંગ લાઇસેન્સ-ધારકોને  ટૂંકી સંદેશ સેવા – **SMS** અથવા વ્હૉટ્સઍપ સંદેશ થકી બાકીના ચલાણ અને લાઇસેન્સ રદ થવાની ખોટી માહિતીના માધ્યમથી નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

વિભાગના અધિકારીઓએ સ્પષ્ટતા કરી કે, સત્તાવાર પરિવહન સેવાઓ માત્ર સરકારી પૉર્ટલ પર જ  ઉપલબ્ધ હોય છે અને તેની પાછળ ડોટ જીઓવી ડોટ આઈએન હોય છે.

. . . . . . . . . . . . . . . . . .

# UAE-INDIA AI SUMMIT

સંયુક્ત આરબ અમીરાત - UAEની રાજધાની અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન , ભારત A.I. ઈમ્પેક્ટ સમિટમાં UAE પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. UAEની ભાગીદારીનો હેતુ અદ્યતન ટેકનોલોજીમાં આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત બનાવવા અને વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. નવી દિલ્હીમાં આગામી 16થી 20 ફેબ્રુઆરી સુધી આ સંમેલન યોજાશે.

100 થી વધુ દેશના વડાઓ, સરકાર, નીતિ નિર્માતાઓ અને નિષ્ણાતો કૃત્રિમ બુદ્ધિમાં સુશાસન માટે વૈશ્વિક માળખાને આકાર આપવા એકત્રિત થશે. સંમેલનમાં A.I. માટે વ્યૂહાત્મક પ્રાથમિકતાઓ અને ટકાઉ વિકાસ લક્ષ્ય મુજબ જાહેર-ખાનગી ભાગીદારી વધારવા અંગે ચર્ચા કરાશે.

તેમાં સંયુક્ત ચર્ચાઓ અને વિશેષ નિષ્ણાત સત્ર, નવી ટેકનોલોજીકલ નવીનતાઓ દર્શાવતું પ્રદર્શન પણ યોજાશે. 30 દેશની 300થી વધુ અગ્રણી A.I. કંપનીઓ સંમેલનમાં ભાગ લે તેવી અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . . . .

# BAPS TEMPLE UAE

અબુધાબીમાં આવેલા બોચાસણવાસી અક્ષર પુરષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા – **BAPS** હિન્દુ મંદિરની બીજી વર્ષગાંઠ આજે હર્ષોલ્લાસભેર ઉજવાઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બે વર્ષ પહેલા આ મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું.

પશ્ચિમ એશિયામાં પરંપરાગત પત્થરથી બનેલું પહેલું હિન્દુ મંદિર એક પૂજાસ્થળની સાથે પોતાની વિશેષતાઓથી એક ઐતિહાસિક સ્થળ બની ગયું છે.

. . . . . . . . . . . . . . . . . .

# ICC T20 CRICKET

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે આયર્લૅન્ડ અને ઓમાન વચ્ચે મેચ રમાઈ રહી છે. શ્રીલંકાના કોલમ્બોમાં ચાલી રહેલી મૅચમાં આયર્લૅન્ડની ટીમે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને 235 રન બનાવ્યા છે. ટીમ તરફથી સૌથી વધુ 94 રન લોર્કન ટકરે કર્યા. જ્યારે ગેરેથ ડેલાનીએ 56 રનનું યોગદાન આપ્યું.

ઓમાનની ટીમ તરફથી શકીલ અહેમદે સૌથી વધુ ત્રણ, જ્યારે આમિર કાલિમ અને શાહ ફૈઝલે એક એક વિકેટ લીધી.

હાલમાં મળતા અહેવાલ પ્રમાણે ઓમાનની ટીમે અત્યાર સુધીમાં 6.2 ઓવરમાં 2 વિકેટ ગુમાવી 64 રન કર્યા છે.

ટી-20 ક્રિકેટ વિશ્વકપની અન્ય એક મેચ ન્યૂઝિલૅન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ગુજરાતના અમદાવાદમાં સાંજે સાત વાગે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . .